નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં
'કન્વિક્શન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ'
માટેની 'નવી સેવા'ને વહીવટી મંજૂરી
આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૨૮૬-૨/ઠ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૬/૧૨/૨૦૧૯

વંચાણે લીધો :ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક:MIS/102019/286-1/T, તા:૧૬/૧૨/૨૦૧૯

આમુખ

કન્વિક્શન રેટમાં ૩૦% જેટલો સુધારો કરવાના હેતુથી ચાર વર્ષના કન્વિક્શન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ માટે કુલ રૂ.૯૭.૩૪ કરોડ /-(એકે રૂપિયા સત્તાણુ કરોડ ચોત્રીસ લાખ પૂરા)ના થનાર ખર્ચ પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં થનાર ખર્ચને 'નવી સેવા' તરીકે મહેસુલ સદરે કુલ રૂ.૨૫.૩૮ કરોડ /-(એકે રૂપિયા પચ્ચીસ કરોડ અડત્રીસ લાખ પૂરા)ની દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

આ પ્રોજેક્ટમાં કન્વિક્શન રેટમાં ૩૦% જેટલો સુધારો કરવાના હેતુથી એફ.આઈ.આર.ની ગુણવત્તામાં સુધારો તેમજ કોલ સેન્ટરની સ્થાપના, તપાસની પધ્ધતિમાં સુધારો, સમયસર ચાર્જશીટની રજૂઆત, કોર્ટ કેસોના સમયસર નિકાલ, એફ.એસ.એલ.ને વધુ સુદ્રઢ અને કાર્યક્ષમ બનાવવી, આધુનિક ઈન્વેસ્ટીગેશન રૂમ તૈયાર કરવા, પેરવી ઓફિસરની -૩૦, સાયન્ટીફિક ઓફિસરની -૨૪, સાયન્ટીફિક આસિસ્ટન્ટની -૨૪ અને લેબોરેટરી એટેન્ડન્ટની -૦૪ એમ કુલ -૮૨ જગ્યાઓ અને અન્ય બાબતો માટે ચાર વર્ષના સમયગાળામાં કુલ રૂ.૯૭.૩૪ /-કરોડ (એકે રૂપિયા સત્તાણુ કરોડ ચોત્રીસ લાખ પૂરા)નો અંદાજીત ખર્ચ થનાર છે. તે પૈકી ગૃહ વિભાગના નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના 'ફેરફાર કરેલ અંદાજપત્ર' પ્રકાશન નં.૧૨ના પાન.નં.૧૩૭ ઉપર 'નવી સેવા' તરીકે કુલ રૂ.૨૫.૩૮ /-કરોડ (એકે રૂપિયા પચ્ચીસ કરોડ આડત્રીસ લાખ પૂરા)ની નાણાકીય જોગવાઈ દર્શાવેલ છે.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત 'નવી સેવા' હેઠળ 'કન્વિક્શન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' અંતર્ગત એફ.આઈ.આર.ની ગુણવત્તામાં સુધારો તેમજ કોલ સેન્ટરની સ્થાપના, તપાસની પધ્ધતિમાં સુધારો, સમયસર ચાર્જશીટની રજૂઆત, કોર્ટ કેસોના સમયસર નિકાલ, એફ.એસ.એલ.ને વધુ સુદ્રઢ અને કાર્યક્ષમ બનાવવી, આધુનિક ઈન્વેસ્ટીગેશન રૂમ તૈયાર કરવા, પેરવી ઓફિસરની -૩૦, સાયન્ટીફિક ઓફિસરની -૨૪, સાયન્ટીફિક આસિસ્ટન્ટની -૨૪ અને લેબોરેટરી એટેન્ડન્ટની -૦૪ એમ કુલ -૮૨ જગ્યાઓ અને અન્ય બાબતો માટે (કોમ્પોનન્ટ વાઈઝ બ્રેક અપ નીચે દર્શાવેલ છે.) થનાર ખર્ચ સારૂ રૂ.૨૫.૩૮ કરોડ /- (એકે રૂપિયા પચ્ચીસ કરોડ આડત્રીસ લાખ પૂરા)ની આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

૨. વધુમાં, આ પ્રોજેક્ટના વિવિધ ઘટકો (કોમ્પોનન્ટસ) પૈકી એફ.એસ.એલ.ને વધુ સુદ્રઢ અને કાર્યક્ષમ બનાવવાની કામગીરી અંગેના ઘટકો સિવાયની તમામ કામગીરી માટે પ્રથમ તબક્કે આ પ્રોજેક્ટ પાઈલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લામાં અમલી બનાવવામાં આવશે અને ત્યારપછી તબક્કાવાર બીજા જિલ્લાઓમાં લાગુ કરવામાં આવશે.

૩. આ પ્રોજેક્ટના અમલીકરણની દેખરેખ અને સમીક્ષા (Monitoring & Review) માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર, અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ક્રાઈમ), સી.આઈ.ડી., ક્રાઈમ અને રેલ્વેઝની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર, અધિક પોલીસ મહાનિદેશકશ્રી / પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજય, ગાંધીનગર, સચિવશ્રી (ગૃહ) અને ગૃહ વિભાગના એક નાયબ સચિવશ્રીની બનેલી એક સમિતિ કરશે.

| Sr. No. | Component | Estimated Expenditure (Rs.) |
|---|---|---|
| 1. | Improving quality of FIR and setting call centre. | 2,45,07,000 |
| 2. | Improved investigation of registered cases | 6,45,23,750 |
| 3. | Facilitation for timely disposal of court cases. | 2,70,90,000 |
| 4. | Strengthining of FSL | 7,24,62,060 |
| 5. | FSL – Equipment cost | 6,00,50,000 |
| 6. | Setting up modern investigation room | 7,50,000 |
| 7. | Project management | 44,11,000 |
| | Total | 25,37,93,810 |

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય મંજૂર થયેલ જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને કરવાનો રહેશે.

(૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.

(૩) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશિયો મુજબ ભરવાની રહેશે.

(૫) વર્ગ-૩ ની જગ્યાઓ બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે બઢતીથી અને જો સીધી ભરતીના ફાળે આવતીહોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની **Fix Pay Policy** મુજબ વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇ અનુસાર ભરવાની રહેશે.

(૬) સીધીભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા. ૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા)ની જોગવાઇ મુજબ રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલ (તા.૦૧/૦૪/૨૦૦૫ થી) નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(૭) જે-તે જગ્યાઓના પગારધોરણો **ROP-2016** પ્રમાણે છે કે કેમ? તેની ચકાસણી કરી લેવાની રહેશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ જળવાય તે વિભાગે જોવાનું રહેશે.

(૯) નવી જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતાં પહેલાં ૦૧(એક) માસ અગાઉ નાણાસલાહકારશ્રી મારફતે મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૦) આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્ય પધ્ધતિને અનુસરીને E-માર્કેટપ્લેસ,(GEM) પોર્ટલ પરથી ખરીદી કરવાની રહેશે.

(૧૧) જો કોઇ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧/-લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા. ૧૭/૦૩/૨૦૦૩ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫/-લાખ થી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ E-ટેન્ડરથી કરવાની રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આ હેતુસર મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | : ૪૩ |
| (૨) મુખ્ય સદર | : ૨૦૫૫ - પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | : ૦૦ |
| (૪) ગૌણ સદર | : ૧૦૯ જિલ્લા પોલીસ, |
| (૫) પેટા સદર | : (૦૧)-MEP- 6 જિલ્લા પોલીસ ખુદ |
| (૬) ખર્ચનો પ્રકાર | : મહેસૂલ/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | : ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૧ |

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત પટેલ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશકશ્રી – સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પોલીસ મહાનિદેશકશ્રી (પી એન્ડ એમ.), ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર.
નાણાકિય સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિભાગના સર્વે ના.સ.શ્રી. તથા ઉ.સ.શ્રી.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.),ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, અ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા પસંદગી ફાઈલ/સેક્શન અધિકારી પસંદગી ફાઈલ/નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.